For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in










**વડાપ્રધાનની અપીલની અવળી અસર : ભાવવધારાના ડરથી લોકો ટાંકી ફૂલ કરાવી રહ્યા છે**

# સુરતના IOC પંપો પર પેટ્રોલ ખલાસ

**રાંદેર,** અડાજણ, પીપલોદ, ઉધના, તળસુરત અને વરાછામાં જથ્થો ખલાસ

**શોર્ટ** સપ્લાયને લીધે શહેરના કેટલાક પંપ વહેલા બંધ કરવા પડ્યા: સુરેશ દેસાઈ

**સુરત :** દેશની વર્તમાન આર્થિક અને વૈશ્વિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પેટ્રોલ,ડીઝલનો જરૂરિયાત પૂરતો જ ઉપયોગ કરો,ખાનગી વાહન જરૂરી હોય તો વધુ લોકો સાથે કાર પુલિંગ મુસાફરી કરો અને ઈલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ કરવા કરવામાં આવેલી અપીલની સુરતમાં વિપરીત અસર પડી છે.

વડાપ્રધાનના નિવેદનને સુરતના લોકોએ પેટ્રોલ,ડીઝલના ભાવ વધારા સાથે સાંકળી લઈ વાહનોની પેટ્રોલ ડીઝલ ટેન્ક ફુલ કરતા અડાજણ,પાલ,રાંદેર,પીપલોદ,ઉધના, ઓલ્ડ સુરત અને વરાછાના પેટ્રોલ પંપો પર પેટ્રોલનો જથ્થો વહેલો ખલાસ થઈ ગયો હતો.

સાઉથ ગુજરાત પેટ્રોલિયમ ડિલર્સ એસોસિએશનના પ્રમુખ સુરેશભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે સુરતમાં ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC) દ્વારા આપવા આવી રહેલી પેટ્રોલની શોર્ટ સપ્લાય સામે પેટ્રોલ,ડીઝલની માંગ વધુ રહેતા કેટલાક શહેરના કેટલાક પેટ્રોલ પંપ પેટ્રોલનો સ્ટોક પૂરો થઈ જતા બંધ કરવા પડ્યા હતા.

આઈઓસી, BPCL અને HPCL તરફથીબેટ્રોલની ડિલિવરી આપવામાં વિલંબ થઈ રહ્યો છે.બીજી તરફ લોકોને પેટ્રોલ,ડીઝલના ભાવ વધશે એવા ભયને લીધે તેઓ ઓવર બાઈંગ કરી રહ્યાં છે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશને પેટ્રોલ પંપોની ડિમાન્ડ મુજબ સપ્લાય કરવી જોઈએ. જેથી આવી સ્થિતિ સર્જાય નહીં.અમે આ મુદ્દે પેટ્રોલિયમ કંપનીઓને ફરી રજૂઆત કરીશું.

ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ પીએમ મોદીના નિવેદનને પગલે જ લોકો પેટ્રોલ પંપો પર દોડી ગયા હતા અને બાદમાં સ્થિતિ સામાન્ય હોવાનું જ બહાર આવ્યું હતું. હવે આવતીકાલે શું થાય છે તે જોવું રહ્યું!

# તરૂણની હત્યા બાદ પોલીસ પર પણ હુમલો, પોલીસે પગમાં ગોળી મારી

**લિંબાયતમાં** મોબાઈલ રિપેરિંગનું કામ શીખતાં તરૂણને રીઢા ગુનેગાર રાહુલ જોગીએ છાતીમાં ચપ્પુના ઘા મારી પતાવી દીધો હતો

**પોલીસ** પકડવા માટે ગઈ તો પોલીસ પર પણ રાહુલે ચપ્પુથી હુમલો કર્યો, વળતામાં પીઆઈએ પગમાં ગોળી મારીને પકડી લીધો



**રીઢા ગુનેગાર રાહુલ જોગી સામે અત્યાર સુધીમાં લૂંટથી માંડીને મારામારીના 17 ગુના નોંધાઈ ચૂક્યા છે**

શહેર પોલીસના સેક્ટર-1 ડીઆઈજી બલરામ મીણાએ કહ્યું હતું કે રીઢા ગુનેગાર રાહુલ જોગી સામે અત્યાર સુધીમાં મારામારી, ચોરી, લૂંટ, સહિતના 17 ગુના નોંધાઈ ચૂક્યા છે. જે 3 વખત પાસામાં પણ જઈ આવ્યો છે. આમ છતાં તેણે પોલીસના ડર વગર પોલીસ પર હુમલો કર્યો જેના કારણે સ્વબચાવમાં પોલીસે બે રાઉન્ડ ફાયરિંગ કરવું પડ્યું હતું.

**સુરત:** લિંબાયતમાં એક તરૂણને ચપ્પુના ઘા મારી હત્યા કર્યા બાદ પકડવા આવેલી પોલીસ પર પણ હુમલો કરનાર હુમલાખોરને પોલીસે પગમાં ગોળી મારી પકડી લીધો હતો.

મૂળ મહારાષ્ટ્રના ધૂલિયા વિસ્તારમાં રહેતા ગણેશ ઉર્ફે આકાશ યુવરાજ પરદેશી (ઉ.વ.26, રહે: ભારત બિલ્ડિંગ, આસ્તિકનગર, ગોડાદરા) એ લિંબાયત પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ તેમની માસીનો દીકરો અનુરાગ ઉર્ફે રાજ જગદીશ પવાર (17 વર્ષ 11 મહિના) છેલ્લા દસેક દિવસથી મહારાણાપ્રતાપ ચોકમાં આવેલી તનિષ્ક મોબાઈલની દુકાનમાં મોબાઈલ રિપેર કરવાનું કામ શીખવા જતો હતો. તેની દુકાનના બાકી બિલ લેવા માટે તે અને તેનો સાથી કર્મચારી ગોપાલ રાઠી બન્ને દુકાનેથી એક જ બાઈક પર નીકળ્યા હતા. ગણેશનગર-2 ખાતે ડિવાઈડર પાસે બાઈક ઊભી રાખી એ સમયે

...અનુસંધાન પાના 5 પર

# વડાપ્રધાનની અપીલને પગલે સુરતના જ્વેલરી ઉદ્યોગમાં ભારે ચિંતા

**ટર્નઓવરમાં** 80% સુધીના ઘટાડાની ભીતિ, સુરતના 6 લાખ કારીગરોની રોજીરોટી પર સંકટના વાદળ

**સુરત :** દેશની વર્તમાન આર્થિક અને વૈશ્વિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વડાપ્રધાન દ્વારા કરવામાં આવેલી અપીલ બાદ જ્વેલરી ઉદ્યોગમાં ભારે ચિંતા જોવા મળી રહી છે. પહેલેથી જ સોનાના આસમાને પહોંચેલા ભાવોને કારણે વેપાર મંદીનો સામનો કરી રહ્યો છે ત્યારે હવે ગ્રાહકો સોનાની ખરીદીથી વધુ દૂર રહેશે તેવી ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે. જ્વેલરી વેપારીઓના મતે હાલની પરિસ્થિતિ યથાવત્ રહી તો સમગ્ર ઉદ્યોગ માત્ર 20 ટકા ટર્નઓવર સુધી સીમિત થઈ શકે છે. સુરતના જ્વેલર્સના જણાવ્યા મુજબ છેલ્લા કેટલાક મહિનાઓમાં સોનાના ભાવમાં સતત વધારો થતા જ્વેલરી માર્કેટના ટર્નઓવરમાં અંદાજે 40 ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. હવે વડાપ્રધાનની અપીલ બાદ જો ગ્રાહકો સોનાની ખરીદી અટકાવશે અથવા ઘટાડશે તો વધુ 40 ટકા સુધીનો ઘટાડો થઈ શકે છે. પરિણામે જ્વેલરી ઉદ્યોગનું કુલ ટર્નઓવર લગભગ 80 ટકા સુધી તૂટી પડવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે. વેપારીઓનું કહેવું છે કે આટલો મોટો ઘટાડો માત્ર વેચાણ પૂરતો મર્યાદિત નહીં રહે, પરંતુ તેની સીધી અસર વેપારીઓની કાર્યકારી મૂડી, સ્ટોક મેનેજમેન્ટ અને દૈનિક વ્યવહાર પર પણ પડશે. નાના અને મધ્યમ કક્ષાના જ્વેલર્સ માટે આવી પરિસ્થિતિ લાંબા ગાળે અસ્તિત્વનો પ્રશ્ન ઉભો કરી શકે છે. સુરત શહેરમાં અંદાજે 2000થી 2500 જેટલી જ્વેલરી પેઢીઓ કાર્યરત છે. આ ઉદ્યોગ સાથે સીધા અને પરોક્ષ રીતે આશરે 5 થી 6 લાખ કારીગરો, હસ્તકલાકારો

...અનુસંધાન પાના 5 પર

## વડાપ્રધાનની ચિંતા વાજબી છે પણ લાખો લોકોની રોજગારીનો પણ પ્રશ્ન છે: દીપક ચોક્સી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વિદેશી હુંડીયામણ બચાવવા માટે એક વરસ સોનુ અને સોનાના ઘરેણા નહીં ખરીદવાની અપીલને ઉદ્યોગે આવકારી છે. સુરતના અગ્રણી જ્વેલર દીપક ચોકસીએ પત્રકારોને જણાવ્યું હતું કે, વડાપ્રધાનની ચિંતા વ્યાજબી છે અને અમે તેમની અપીલ સાથે સહમત છીએ, પરંતુ આ નિર્ણયની સીધી અસર ઉદ્યોગ સાથે જોડાયેલા લાખો પરિવારો પર પડી શકે તેમ છે.ખાસ કરીને સોનાના વધતા ભાવ અને ટેરિફને કારણે પહેલેથી જ મંદીનો સામનો કરી રહેલા ઝવેરીઓ માટે આ નવો પડકાર સાબિત થશે.વડાપ્રધાનની અપીલ બાદ જો લોકો સોનું ખરીદવાનું બંધ કરી દે તો જ્વેલરી ક્ષેત્ર માટે અસ્તિત્વનો પ્રશ્ન ઉભો થઈ શકે છે. લાખો કારીગરોની રોજીરોટી પર અસર થઈ શકે.

## જેમ્સ એન્ડ જ્વેલરી ઉદ્યોગ ખભેખભા મિલાવશે, 50 લાખ લોકોના રોજગારની જવાબદારી પણ અમારી;કિરીટ ભણસાલી

જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના ચેરમેન કિરીટ ભણસાલી એ વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિ અને રાષ્ટ્રીય હિતને ધ્યાનમાં રાખીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવેલી અપીલને સંપૂર્ણ સમર્થન વ્યક્ત કર્યું છે. તેમણે જણાવ્યું હતું કે જેમ્સ એન્ડ જ્વેલરી ઉદ્યોગ દેશની પરિસ્થિતિને સારી રીતે સમજે છે અને જવાબદાર હિતધારક તરીકે દરેક પડકારજનક સમયમાં દેશ સાથે મજબૂતીથી ઉભો રહેશે. જેમ્સ એન્ડ જ્વેલરી ક્ષેત્ર દેશના સૌથી મોટા રોજગારદાતા ક્ષેત્રોમાંનું એક છે, જે દેશભરના

...અનુસંધાન પાના 5 પર

## ગોલ્ડ મોનેટાઈઝેશન સ્કીમ તાત્કાલિક અમલમાં મુકવાની જરૂરિયાત: નૈનેશ પચ્ચીગર

દેશના આર્થિક હિત માટે સુવ્યવસ્થિત અને અસરકારક ગોલ્ડ મોનેટાઇઝેશન સ્કીમ અમલમાં મૂકવાની તાત્કાલિક જરૂર હોવાનું ઇન્ડિયન બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનના ગુજરાત રાજ્ય પ્રમુખ નૈનેશ પચ્ચીગરે જણાવ્યું હતું. ભારત દર વર્ષે મોટા પ્રમાણમાં સોનાની આયાત કરે છે, જેના કારણે વિદેશી મુદ્રા પર ભારે દબાણ ઊભું થાય છે. જો ગોલ્ડ મોનેટાઇઝેશન સ્કીમને સુવ્યવસ્થિત રીતે અમલમાં મૂકવામાં આવે તો અનાવશ્યક સોનાની આયાતમાં નોંધપાત્ર ઘટાડો શક્ય બનશે. પરિણામે દેશની વિદેશી મુદ્રાની મોટી બચત થશે અને સ્થાનિક જ્વેલરી ઉદ્યોગને સતત ગતિ મળશે.

**પંદર વર્ષથી સતત વધારા સાથે સુરતમાં ગરમી જોખમી સ્તરે**

# 16 વર્ષમાં ત્રીજી વખત પારો 42 ડિગ્રીને પાર

**વર્ષ 2011માં** મહત્તમ તાપમાન 38 ડિગ્રી જ હતું, 2013થી સતત દર વર્ષે મહત્તમ તાપમાન 40થી વધુ નોંધાય છે

**સુરત:** સુરત શહેરમાં ઉનાળાની ગરમી વર્ષ પ્રતિ વર્ષ વધુ આકરી બનતી જાય છે. વર્ષ 2011થી 2026 સુધીના મહત્તમ તાપમાનના આંકડાઓનું વિશ્લેષણ કરીએ તો સ્પષ્ટ થાય છે કે શહેરમાં ગરમીનો ટ્રેન્ડ સતત વધી રહ્યો છે. ખાસ કરીને 42 ડિગ્રીનો આંકડો સુરત માટે 'ડેન્જર ઝોન' માનવામાં આવે છે અને છેલ્લા 16 વર્ષમાં ત્રીજી વખત તાપમાન 42 ડિગ્રીને પાર પહોંચ્યું છે. વર્ષ 2026માં ફરી એકવાર 42.2 ડિગ્રી નોંધાતા ગરમીના નવા સંકેતો સામે આવ્યા છે. વર્ષ 2011માં શહેરનું મહત્તમ તાપમાન માત્ર 38 ડિગ્રી હતું. ત્યારબાદ ધીમે ધીમે તાપમાનમાં વધારો થતો ગયો. 2013 પછીથી લગભગ દરેક વર્ષે તાપમાન 40 ડિગ્રીથી ઉપર જ નોંધાતું રહ્યું છે. સૌથી વધુ ચોંકાવનારી બાબત એ છે કે 42 ડિગ્રી અથવા તેથી વધુ તાપમાન છેલ્લા 16 વર્ષમાં માત્ર ત્રણ વખત નોંધાયું છે. વર્ષ 2018 માં 42.0 ડિગ્રી, વર્ષ 2023 માં 42.6 ડિગ્રી અને વર્ષ 2026 માં 42.2 ડિગ્રી નોંધાયું છે. આ ત્રણ વર્ષોને સુરતના સૌથી ગરમ વર્ષોમાં ગણાવી શકાય. ખાસ

...અનુસંધાન પાના 5 પર

## આગામી દિવસોમાં વધુ રેકોર્ડ તૂટવાની શક્યતા

હવામાન વિભાગના અનુમાન પ્રમાણે આગામી દિવસોમાં તાપમાન વધુ વધી શકે છે. જો હાલની સ્થિતિ યથાવત રહેશે તો વર્ષ 2023નો 42.6 ડિગ્રીનો રેકોર્ડ પણ તૂટી શકે છે. ગરમીના વધતા પ્રકોપને કારણે તંત્ર દ્વારા નાગરિકોને બપોરના સમયે બહાર ન નીકળવા, વધુ પાણી પીવા અને ગરમીથી બચવા માટે ખાસ તકેદારી રાખવાની સલાહ આપવામાં આવી છે.

## છેલ્લા 16 વર્ષનો સરેરાશ પણ ચિંતાજનક

આંકડાઓ મુજબ વર્ષ 2011થી 2026 સુધીનું સરેરાશ મહત્તમ તાપમાન અંદાજે 40.8 ડિગ્રી આસપાસ રહે છે. એટલે કે સુરતમાં હવે 40 ડિગ્રીની ગરમી સામાન્ય બની રહી છે. એક સમય હતો જ્યારે 40 ડિગ્રીનો આંકડો અસામાન્ય માનવામાં આવતો હતો, પરંતુ હવે 41થી 42 ડિગ્રી વચ્ચેનું તાપમાન વારંવાર જોવા મળી રહ્યું છે.

## શા માટે વધી રહી છે ગરમી?

નિષ્ણાતોના મતે સુરતમાં વધતી ગરમી પાછળ કેટલાક મુખ્ય કારણો જવાબદાર છે:

- ઝડપી શહેરીકરણ
- વાહનો અને ઉદ્યોગોથી પ્રદૂષણ
- વૃક્ષોની ઘટતી સંખ્યા
- ગ્લોબલ વોર્મિંગની અસર

## છેલ્લા વર્ષોના તાપમાનના આંકડાઓ

| વર્ષ | તાપમાન |
|---|---|
| 2011 | 38.0 ડિગ્રી |
| 2012 | 39.3 ડિગ્રી |
| 2013 | 40.6 ડિગ્રી |
| 2014 | 41.0 ડિગ્રી |
| 2015 | 41.0 ડિગ્રી |
| 2016 | 41.8 ડિગ્રી |
| 2017 | 41.4 ડિગ્રી |
| 2018 | 42.0 ડિગ્રી |
| 2019 | 41.8 ડિગ્રી |
| 2020 | 41.8 ડિગ્રી |
| 2021 | 40.0 ડિગ્રી |
| 2022 | 41.0 ડિગ્રી |
| 2023 | 42.6 ડિગ્રી |
| 2024 | 42.0 ડિગ્રી |
| 2025 | 38.6 ડિગ્રી |
| 2026 | 42.2 ડિગ્રી |

## 40 ડિગ્રીથી ઉપરનો ટ્રેન્ડ હવે સામાન્ય

આંકડાઓ મુજબ 2013 પછીથી સુરતમાં 40 ડિગ્રીથી ઓછું તાપમાન બહુ ઓછા વર્ષોમાં નોંધાયું છે. 2011 અને 2012માં તાપમાન 40 ડિગ્રીથી નીચે રહ્યું, 2013 પછી લગભગ સતત 40 ડિગ્રીથી વધુ તાપમાન નોંધાયું. 2025 એકમાત્ર એવો વર્ષ રહ્યો જેમાં પારો ફરી 40થી નીચે ગયો. આ ટ્રેન્ડ દર્શાવે છે કે સુરતનું હવામાન હવે વધુ ગરમ બનતું જઈ રહ્યું છે.

**ગુજરાત ઉપર આભમાંથી અગનવર્ષા, તાપમાન 45થી વધુ**

# કંડલા એરપોર્ટ પર ૪૫.૨ ડિગ્રી તાપમાન

**આગામી** ચાર દિવસ સુધી તાપમાનમાં ખાસ ફેરફાર નહીં થાય

**અમદાવાદ :** ગુજરાતમાં ઉનાળો હવે તેના રૌદ્ર સ્વરૂપમાં આવી ગયો છે. રાજ્યના અનેક શહેરોમાં તાપમાનનો પારો ૪૪ થી ૪૫ ડિગ્રીને પાર કરી જતાં જનજીવન કાળઝાળ ગરમીમાં શેકાઈ રહ્યું છે. હવામાન વિભાગના આંકડા અનુસાર, કંડલા એરપોર્ટ ૪૫.૨ ડિગ્રી સેલ્સિયસ સાથે રાજ્યનું સૌથી ગરમ સ્થળ નોંધાયું છે, જ્યારે સુરેન્દ્રનગરમાં પણ ૪૫ ડિગ્રી તાપમાનને કારણે હાહાકાર મચી ગયો છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ અમરેલી, રાજકોટ, કેશોદ અને વડોદરામાં 44 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. અમદાવાદ, ગાંધીનગર, ડીસા અને ભૂજમાં 43 ડિગ્રી સુધી પારો પહોંચ્યો હતો. સુરત અને વલ્લભ વિદ્યાનગરમાં 42 ડિગ્રી, ભાવનગરમાં 41 ડિગ્રી અને દમણમાં 38 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું.છેલ્લા 24 કલાક દરમિયાન સમગ્ર ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ અને દમણ-દીવ વિસ્તારમાં વાતાવરણ શુષ્ક રહ્યું હતું.

દક્ષિણ ગુજરાતના સુરત તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના સુરેન્દ્રનગર, પોરબંદર, કેશોદ અને કંડલા એરપોર્ટ વિસ્તારમાં હીટવેવની અસર જોવા મળી હતી. હવામાન વિભાગ અનુસાર રાજ્યના અનેક વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતાં 3 થી 5 ડિગ્રી વધુ નોંધાઈ રહ્યું છે.

હવામાન વિભાગે આગામી 12 થી 15 મે દરમિયાન ગરમ અને ભેજવાળા વાતાવરણની આગાહી કરી છે. હવામાન વિભાગે આગામી ૧૨, ૧૩ અને ૧૪ મે માટે સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક વિસ્તારો, ખાસ કરીને સુરેન્દ્રનગર અને કચ્છ જિલ્લામાં હિટવેવનું 'ઓરેન્જ એલર્ટ' જાહેર કર્યું છે. આ ઉપરાંત અમદાવાદ, ગાંધીનગર, બનાસકાંઠા, પાટણ, આણંદ, રાજકોટ, અમરેલી અને બોટાદમાં પણ હીટવેવની પ્રબળ શક્યતા છે. અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રીની આસપાસ રહેવાની ધારણા છે.

દક્ષિણ ગુજરાતના સુરત અને વડોદરા જેવા જિલ્લાઓમાં ગરમ અને ભેજવાળા પવનોને કારણે મુસાફરો અને સામાન્ય જનતા માટે 'ડિસ્કમ્ફર્ટ' (અકળામણ) જેવી સ્થિતિ સર્જાશે. સૌરાષ્ટ્રના રાજકોટ, અમરેલી, દ્વારકા અને બોટાદ જિલ્લામાં પણ આગામી દિવસોમાં હીટવેવની સ્થિતિ યથાવત્ રહેવાની આગાહી કરવામાં આવી છે. અમદાવાદ શહેરમાં આગામી 24 કલાક દરમિયાન આકાશ મુખ્યત્વે સ્વચ્છ રહેશે અને મહત્તમ તાપમાન 44 ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા

...અનુસંધાન પાના 5 પર

**ડ્યુટીચોરોને બચાવવા માટે આગ લગાડવામાં આવી?**

# GSTના DGGIની ઓફિસમાં આગ, મહત્વના કેસના દસ્તાવેજો બળી ગયા





**વેસુ** વીઆઈપી રોડ ખાતે આવેલી ઓફિસમાં સવારે સાફ સફાઈ ચાલી રહી હતી ત્યારે જ આગ ફાટી નીકળી

**અગત્યની** ફાઈલો અને અગત્યનાં દસ્તાવેજો બળી ગયા, દોઢ કલાકે આગ સંપુર્ણ કાબુમાં આવી હતી

**સુરત:** વેસુ વીઆઈપી રોડ સ્થિત જીએસટીની ડીજીજીઆઇ વિભાગની ઓફિસનાં ચોથા માળે રેકોર્ડ રૂમમાં આજે સવારે રહસ્યમય સંજોગોમાં આગ ફાટી નિકળી હતી. જોત જોતામાં આગની ચપેટમાં જરૂરી દસ્તાવેજી પુરાવાઓ તથા ફાઈલો બળીને ખાખ થઈ ગયો હતો. ધુમાડો આખી ઓફિસમાં ફેલાઈ જતા હાજર કર્મચારીઓમાં ભાગદોડ મચી જવા પામી હતી. બનાવની જાણ કરાતા આવતા અલગ અલગ ચાર ફાયર સ્ટેશનોના ફાયર બ્રિગેડનો કાફલો ઘટના સ્થળે પહોંચીને આગ ઓલવવાની કવાયતમાં લાગી ગયો હતો. પ્રાપ્ત માહિતી મુજબ, વેસુ વીઆઈપી રોડ ખાતે આવેલા વ્હાઇટ હાઉસમાં ચોથા માળ ઉપર જીએસટીના ડીજીજીઆઈ વિભાગની ઓફિસ આવેલી છે. દરમ્યાન આજે સવારે 9:20 કલાકે ઓફિસના રેકોર્ડમાં રૂમમા અચાનક આગ ભડકી ઉઠી હતી. આગની જ્વાળાઓ સાથે

...અનુસંધાન પાના 5 પર

## આગમાં છેલ્લા નવ વર્ષના ડ્યુટીચોરીના મહત્વના કેસોની ફાઈલો બળી ગયાની આશંકા, જીએસટીની 'સબ સલામત'ની ગુલબાંગ

વીઆઈપી રોડ પર આવેલી ડાયરેક્ટર જનરલ ઓફ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ ઇન્ટેલિજન્સ (DGGI)ની ઓફિસનાં ચોથા માળે રેકોર્ડ રુમમાં લાગેલી આગમાં છેલ્લાં પાંચ વર્ષના ટેક્સ ચોરીને લગતી ફાઈલોને વ્યાપક નુકશાન થયું છે.

...અનુસંધાન પાના 5 પર

## સાંકડી કેબિન, એન્ટ્રી-એક્ઝિટ એક જ, ખાનગી બેંકોના લોન સેન્ટર હોવાથી આગથી વધી હોત તો મોટું નુકસાન થાત

વેસુ વીઆઇપી રોડ વ્હાઈટ હાઉસનાં ચોથા માળે આખો ફ્લોર ડીજીજીઆઈનો છે. જેમાં દાદરનાં એક ભાગે અધિકારીઓની ઓફિસ છે, જ્યારે બીજા ભાગે જ્યાં આગ લાગી એ ભાગે ૧૨ યુનિટની કેબિન સહિત ૧૮ જેટલી

...અનુસંધાન પાના 5 પર

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹3000/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

॥ શોક સંદેશ ॥



અત્યંત દુઃખદ સમાચાર...
અમારા પૂજ્ય પિતા
સ્વ. શ્રી વિઠ્ઠલરાવ લક્ષ્મણરાવ જગતાપ
જન્મ તારીખ: 15/08/1929 | અવસાન તારીખ: 11/05/2026
અમારા પિતાશ્રી વિઠ્ઠલરાવ લક્ષ્મણરાવ જગતાપનું દુઃખદ નિધન તા 11-5-2026 ના રોજ પુણે સ્થિત નિવાસસ્થાને થયેલ છે સદગતની અંતિમવિધિ સુતરવાડી, પાષાણ, સ્મશાનભૂમિ પુણે ખાતે સંપન્ન થયેલ છે.
લૌકિક રિવાજ બંધ રાખેલ છે.
શોકકુલ:
શ્રી રાજેશ જગતાપ તથા
સમગ્ર જગતાપ પરિવાર
॥ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી ॥

૨૨ મી પુણ્યતિથિએ
હાર્દિક શ્રદ્ધાંજલિ



જીવનમાં હળપળ હસતા રહ્યા,
સ્નેહથી સૌના હૈયામાં વસતા રહ્યા,
તાંતણે બાંધ્યા પરિવારને,
એક સંપની શીખ દેતા ગયા,
આપનું ઉદાર જીવન,
ઉચ્ચ વિચારો, માયાળું સ્વભાવ,
લાગણીશીલતા અમો
જીવનભર ભૂલીશું નહીં.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ
અર્પે એ જ અમારી પ્રભુને પ્રાર્થના...

સ્વ. રઘુનાથ શિવરામ પાટીલ
સ્વ. તા. ૧૨.૦૫.૨૦૦૪

લિ.
ગં. સ્વ. સરૂબાઈ રઘુનાથ પાટીલ

| | | |
|---|---|---|
| સી આર પાટીલ | પ્રકાશ આર. પાટીલ | સંજય આર. પાટીલ |
| ગંગાબેન સી. પાટીલ | આશા પી. પાટીલ | સવિતા એસ. પાટીલ |
| જીજ્ઞેશ સી. પાટીલ | સુરેખા એસ. ચૌધરી | પૃથ્વીરાજ એસ. પાટીલ |
| તનિષ્કા જે. પાટીલ | અભિષેક પી. પાટીલ | જુહી પી. પાટીલ |
| માઈશા જે. પાટીલ | ચેષ્ટા એ. પાટીલ | આકાશ એસ. પાટીલ |
| રણવીર જે. પાટીલ | ઝીવા એ. પાટીલ | દેવાદિત્ય પી. પાટીલ |

ભાવિની આર. પાટીલ • ધરતી એન. દેવરે
ધર્મિષ્ઠા એ. ચવ્હાણ • મંજરી વી. મહાડીક